# ૧. ઈંટોની ઈમારત

સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

જયેશભાઈ એક ફેકટરીનો વરંડો બનાવવા માટે પોતાની ઘોડાગાડીમાં બે દિવસમાં ૯૦૦૦ ઇંટો લઇ જાય છે. બે દિવસમાં કુલ ૯ ફેરા કરે છે. પ્રથમ દિવસે ૫ ફેરા કરે છે. બીજા દિવસે ૪ ફેરા કરે છે. પ્રત્યેક ફેરા દીઠ તેઓ ૫૦૦ રૂપિયા ભાડું લે છે. ઇંટવાડામાં કુલ ૧૦,૦૦૦ ઇંટો છે. તો નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૧. બચુભાઇની ઘોડાગાડી પ્રત્યેક ફેરામાં કુલ કેટલી ઇંટો લઇ જતી હશે ? .........

૨. ઘોડાગાડી પ્રથમ દિવસે કેટલી ઇંટો લઇ જતી હશે ? .........

૩. ઘોડાગાડી બીજા દિવસે કેટલી ઇંટો લઇ જતી હશે ? .........

૪. બચુભાઇને પ્રથમ દિવસે ઇંટો લઇ જવાના ભાડા પેટે કેટલા રૂપિયા મળતા હશે ? .......

૫. બચુભાઇને બીજા દિવસે ઇંટો લઇ જવાના ભાડા પેટે કેટલા રૂપિયા મળતા હશે ? ......

આસપાસના પાર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ કેળવે છે.

અહીં તેલના ડબ્બાનું ચિત્ર આપેલું છે. ચિત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. ડબ્બાને કુલ કેટલી બાજુઓ છે ? .............................

૨. ડબ્બાને કુલ કેટલી ચોરસ બાજુઓ છે ? .............................

૩. ડબ્બાને કુલ કેટલી લંબચોરસ બાજુઓ છે ? .............................